"નામાંકિત પારસીઓનાં જીવનવૃત્તાંતો."

સીરીઝ નંબર

(૧૨)

શેઠ કાવસજી દીનશાહ એદનવાળા, સી આઈ. ઈ.

એડનરાજ આવેલાં રેતીનાં રણમાં અગત્યનું બારૂં સ્થાપન કરનારો મહાન પારસી.

વેપાર અને ઉદ્યોગમાંથી આપબળે મેળવેલી મોટી દોલત.

છૂટે હાથે કોમમાં તેમણે કીધેલી સખાવત.

લખનાર:—રચાવક્ષ હો. કાબવાળા.

કર્ત્તાનાં બીજાં ચોપડી ચોપાન્યાં.

અંગ્રેજી:—A Brief History of Persia
Book of Meditations
Hints on English
Tract on Buddhism
Principles of Satyagraha
Call for National Service
Problems before India
Framji Cowasji Banaji
Sorabjee Shapurjee Bengalli
K. N. Kabrajee
Sir Jamsetjee Jeejeebhoy etc. etc.

ગુજરાતી:—ઇરાનની ટૂંકી તવારીખ:—
ફ. કા. બનાજી; સર કાવસજી જેહાંગીર; સર જમશેદજી જીજીભાઇ; સોરાબજી શાપુરજી બંગાળી; દાદાભાઇ નવરોજી વિગેરેનાં જીવનવૃત્તાંતો; જરથોસ્તી ધર્મ અને સંસાર સંબંધી ચોપાન્યાંઓ, વિગેરે.

૬-૧૨-૧૯૨૦. } કર્ત્તા કનેથી,
સ્ટાર બીલ્ડીંગ, ગ્રાન્ટ રોડ મધેથી મળશે.

આ પુસ્તક રા. હરજીવન કાલિદાસ મહેતાએ "ભારત–સેવા" પ્રિન્ટીંગ પ્રેસ–નં. ૪–૬, મેરીન ક્રોસ લેન, બેન્ક સ્ટ્રીટમાં છાપ્યું અને મી૦ રુસ્તમ હો. ખાખવાળાએ સ્ટાર બીલ્ડીંગ, ગ્રાન્ટ રોડ મધેથી પ્રસિદ્ધ કર્યું છે.

આપબળ, સ્વાધાર અને ખંત અને મહેનત—આ પારસી ગુણોથી જે પારસીઓ ઉંચી પદવીએ ચઢયા છે તેઓમાં શેઠ કાવસજી દીનશાહ એડનવાળા સી. આઇ. ઇ. નું પનોતું નામ એક શ્રેષ્ઠ જગ્યા લઇ શકે છે એમ જો આપણે જણાવ્યે તો આપણને સહરાગાત કરવાનો દાવો રજુ કરેલો લાગુ પડશે નહિ. પારસીઓ ઇરાન છોડી હિંદ આવ્યા અને હિંદમાં આટલી ઉંચી જગ્યા મેળવી તે તેમના આ ઉંચા ગુણોને લીધેજ છે. તેઓ ખાસ કરીને વેપાર વણજ, ધંધોધાપો તેમજ ઉદ્યોગ હુન્નરમાં બહુ ઉંચે ચઢી શકયા છે કે જેટલી ઉંચાઇએ બહુ મોટી સંખ્યામાં ગણાતી બીજી પ્રજાઓ નથી ચઢી શકી. તેનું કારણ આ તેમના ગુણોજ છે. એક પ્રજા પોતાના ઉંચ ગુણોને લીધે ઉંચ થઇ શકે છે અને નહિ કે પોતાની મોટી સંખ્યાને લીધે—એનું ખરાપણું જો કોઇએ બી આ દેશમાં બતાવી આપ્યું હોય તો તે પારસી કોમે છે. થોડીકજ સંખ્યા ઉપરથી આજે લગભગ એક લાખના ઉપર અંકાતા પારસીઓ પોતાની ખંત, ધીરજ અને કાળજીથી આવી શકયા છે. તેવીજ રીતે અનેક સગવડો ભોગવતી અને અત્યાર અગાઉની વસ્તી બીજી અનેક પ્રજાઓ વચ્ચેથી ઉંચી સપાટી ઉપર આવી જનારી બી પારસી કોમજ છે કે જેને તેમ કરવામાં મદદગાર થનાર તેમના ગુણો જેવા કે વેપારી પ્રમાણિકપણું, ઉદ્યોગ હુન્નર, દેશમાંથી દ્રવ્ય પ્રાપ્ત કરવાની શક્તિ અને વળી છેવટે તે દ્રવ્યનો સદોપયોગ કરવાનું જ્ઞાન વિગેરે છે જે પારસીઓજ ભોગવતા હતા અને ભોગવે છે જેથી કરીને તેઓ બે પૈસે સુખી છે અને પોતાની કોમનું નામ જગ આશકાર કરી શકે છે. તેમ જે પારસીઓ ચ્હડી ગયા છે તેઓ આપણાં માનને લાયક છે કારણકે તેઓ

આપણી કોમને ઘડા મીસાલ થઇ ગયા છે. તેમના દૃષ્ટાંતની બળતી જોત અંધારા કાળમાં જળે છે કે જેના પ્રકાશને લીધે આપણે તેઓ તરફ ખેંચાઇએ છીએ અને તેઓનાં જેવાં ઉંચા પ્રકારનાં કામો કરવાને ઉત્સાહી બન્યે છીએ. એવા મહાન નરો આપણી કોમ માટે ગોયા ગુરૂરૂપી છે. તેઓનાં નામ આપણને ઉત્તેજન આપે છે. તેઓનાં કામ આપણને ધડો પૂરો પાડે છે. જો આપણે તેવા શખ્શો એકએક દાહેડાએ પૂરા પાડીશું તો પારસીઓનાં ભવિષ્ય બાબે ઝાઝો સંશય રાખવાની જરૂર રહેશે નહિ. અંગ્રેજીમાં કહ્યું છે કે મહાન પુરૂષોનાં જીવનચરિત્રો એક પ્રજા માટે તેની અગત્યની મીરાસ સમાન છે જેની ઉપરથી ભવિષ્યની ઓલાદે ધડો લેવો જોઇએ અને આપણું પોતાનું ચારિત્ર બળવાન બનાવવું જોઇએ કે જેથી જયારે આપણે આ જેહાન છોડી જઇએ ત્યારે આપણી પાછળ પણ વખતના જમાનાની રેતી ઉપર આપણી હૈયાતી દરમ્યાન પાડેલાં આપણાં પગલાં આપણી પાછળ મૂકી જઇએ. કાવશજી દીનશાહ એડનવાળાનું ચારિત્ર તેવી મીરાસોમાંની એક અગત્યની મીરાસ છે જેને કોમે પોતાનાં વાંચન મારફતે જાળવી રાખવી જોઇએ છે કે જેથી એવણના જેવા પુત્રો કોમમાં વધુ ઉત્પન્ન થવા પામે! વળી એવણે પોતાના સાહસ કર્મો અને પોતાની સખાવતોનું બળ ખુદ પોતાના વંશ વેલોમાં ઉતારી મૂકેલું છે કે જેથી ખુદ એવણના પુત્રોએ એવણનું નામ અને એવણનું કામ જારી રાખ્યું છે. તો તેવા શખ્સની પરવરેશ વધુજ થવી ઘટે છે; કારણ કે તે આદમી આપણાં માન અને મહોબતને માટે વધુ લાયક છે કે જે પોતે મોટો થાય છે, બીજાને મોટા બનાવે છે અને વળી પોતાનાં કુટુમ્બ પરીવારમાં તે મોટાઇનાં બીજ રોપી જાય છે. એવણના

પુત્ર શેઠ હોરમસજી કે જેવણ છૂપે હાથે બહોળી સખાવતો કરે છે તેવણનાં અત્રે ગુણ ગાવા કદાપિ કવખતનું થઇ પડે પણ એક લાયક બાપના એક લાયક બેટા હોઇ શકે છે અને જો એક પુત્ર પોતાના બાપનાં કામ અને નામને ચાલુ રાખવાની કાળજી ધરાવે તો તે તેમ કરી શકે છે એ દેખાડવાની મકસદથી અત્રે આ એશારો કરવાની જરૂર જણાય છે. પૈસા ટકા હોય એથી કાંઇ એક જીંદગી મોટી હોઇ શકે છે એમ જો કે સાધારણ રીતે માનવામાં આવે તો પણ જીંદગીની મોટાઇનાં તેજ સાધનો છે એમ કહેવાય નહિ. ખરી મોટાઇ સખાવત અને દાનથી મેળવી શકાય છે તે ભૂલાવું જોઇતું નથી. એડનવાળા કુટુમ્બ આજે એનાં બળથીજ પારસીઓમાં સારી નામના મેળવી શક્યું છે. સાદાઇ એ પણ એક અગત્યનો ગુણ આ કુટુમ્બ પોતાના વડવાઓથી ધરાવે છે જે તેમને વધારે આરાસ્તે બનાવે છે અને તેમના આચાર વિચારો તેમજ તેમનાં કામને વધુ જેબ આપે છે:

કાવસજી શેઠ કે જેઓ આપણા આ ગ્રંથના નાયક છે તેઓનાં માબાપ ગરીબ હતાં અને તેમનો જન્મ સને ૧૮૨૭ માં થયો હતો. એમનું મૂળ ગુજરાતમાં આવેલાં દીસા ગામમાંથી આપણને જડી શકે છે કે જેમાં તેઓ સાધારણ ધંધોધાપો કરી રહેતા હતા. પણ તે ધંધો એમને અનુકુળ નહિ થઇ પડવાથી તેઓ દીસાથી મુંબઇ આવ્યા અને શરાફનો ધંધો ચલાવવા લાગ્યા. પાછળથી મંચેરજી સોપારીવાલા કે જેઓનો ધંધો રોજગાર મુંબઇ તેમજ એડન ખાતે મોટા પાયા ઉપર ચાલતો હતો તેમને ત્યાં દીનશાહજી

શેઠ સાધારણ નોકરીઆત તરીકે રહ્યા. વળી પાછળથી જ્યારે અંગ્રેજોને અફઘાનો સાથે લડાઇ ચાલતી હતી ત્યારે દીનશાહજી અંગ્રેજો તરફથી લશ્કરી કોમીસેરીએટ ખાતાંમાં જોડાઇ અફઘાનીસ્તાન અને ઉત્તર હિંદ તરફ પણ ગયા હતા. પણ દીનશાહજીનાં નામથી એડનવાળા અટક ચાલુ થઇ અને તેનું એ કારણ કે સોપારીવાળા શેઠને ત્યાં એ વણુ છેવટે એડનની પેઢીના મેનેજર નીમાયા કે જે ઓહ્દો એવણે પોતાનાં મરણ સુધી જે કાવસજી શેઠના ૩૩ વર્ષની ઉમરે નીપજ્યું હતું ત્યાં સુધી ભોગવ્યો હતો. એડનનાં મેનેજર નીમાયા બાદ કુટુમ્બની હાલતમાં બહેતરી થવા લાગી. આથી કાવશજી શેઠે જો કે ગરીબાઇમાંથી પોતાની જીંદગી શુરૂઆત કરી હતી તો પણ વખત બુરા નહિ હતા.

રૂા. ૩) ના પગારે જીદંગીના શુરૂઆત.

કાવશજી શેઠે મુંબઇમાં તે વખતે પગભર થઇ ગયલી "સીસોટીની સ્કૂલો" યાને કે સોસાયટિની સ્કૂલોમાં કેળવણીનો પહેલ વ્હેલો પાયો નાંખ્યો હતો પણ એમને બહુ નાની વયે શાળા છોડવી પડી હતી. તે વખતજ એવા હતા કે જયારે વિદ્યાર્થીઓ બહુ કેળવણી લેતા નહિ અને થોડું ઘણું શીખ્યા એટલે ધંધે ધાપે લાગી જતા એ મુજબ કાવશજી શેઠે શુરૂઆતમાં એક નાનાં છાપખાનાંમાં માત્ર રૂા. ૩) ના પગારે પોતાની વ્હેવાર જીંદગીનો પાયો નાંખ્યો પણ કાવશજી શેઠ કાંઇ છાપખાનાંની મોટું કષ્ટ ઉપડાવનારી અને ટુંક કમાણી કરાવી આપનારી લાઇન માટે સરજાયા ન હોતા; એટલે માત્ર દોઢ વર્ષના ટુંક અરસાબાદ સને ૧૮૪૨ માં પોતાના બાપની પેઢીમાં એક મદદનીશ દાખલ ગયા.

સ્વતંત્ર ધંધાની શુરૂઆત

પણ જે આદમી મોટી ગંજના ઢગલા પર રમનારો સરજાયલો હોય તે પોતે સ્વતંત્રતાના માર્ગેજ પોતાના કારકીર્દીની શુરૂઆત કરશે. સ્વતંત્રતામાંથીજ દરેક પારસી પોતાની કીર્તિનો ઊંડો પાયો નાંખી શકયો છે. પારસી માટે ગુલામગીરી નથી. આ ઉપરથી કાવશજી શેઠે પોતાની એક સ્વતંત્ર પેઢી ટુંક મુંડીની મદદથી સ્થાપન કીધી. સ્ટીમર પોઇન્ટ ઉપર ઘણીક સ્ટીમરો આવે જાય તેમાંથી કમાણીનાં સાધનો ઠીક મેળવાય. પાછળથી એવણને સરકારી કન્ટ્રાકટો મળવા લાગ્યાં અને સરકારમાં એમનાં નામની પતીજ ઠીક બેસવા લાગી. પરિણામમાં એડનના પોલીટીકલ રેઝીડન્ટે એવણને એક કીંમતી ઘડિયાલ વટીક ભેટમાં આપ્યું હતું જે એવણની પેઢીમાં આજસુધી ઘણાં માન અને ચાહ સહિત જાળવી રાખવામાં આવ્યું છે. ધીમે ધીમે કાવશજી શેઠની પતીજ વધવા લાગી તેની સાથે તેવણની દૌલત બી વધવા લાગી એટલે એવણની પેઢી આખાં એડનમાં એક માન ભરેલો દરજનો મેળવવાને શકિતવાન થઇ.

શેઠ એડનવાળાની નામીચી પેઢી.

એડનવાળા શેઠની નામીચી પેઢી એડનની આખી પારસી કોમમાં ઉંચ જગ્યા લે છે એટલુંજ નહિ પણ એડનમાં આજે તેના જેવી એકબી પેઢી પૈસાદાર તેમજ આબરૂદાર નથી. વેપાર વણજ કરીને પૈસા મેળવવા એ એક પેઢીનું કર્તવ્ય છે પણ તેની સાથે એડનવાળાની પેઢી એ તો ખુદ એડનની ખીલવણીમાં મોટો ભાગ ભજવ્યો છે. એડન ખાતે આજે બી મીઠાં પાણીની ભારે તાણ છે. ત્યાં ખારૂં

પાણી મળી શકે છે એટલે તેમાંથી મીઠું બનાવવામાં આવે તોજ તે પાણી પીવાનાં કામમાં આવી શકે. કાવશજી શેઠે તેનાં સાંચાં કામો ખોલ્યાં તેમજ બરફ બનાવવાનું કારખાનું પણ સ્થાપન કીધું. વળી તાર ઓફીસો અને એવાં ઇન્સાનની જોગવાઇઓ માટે જે અનેક પ્રકારનાં વેપાર વણજનાં ખાતાંઓની જરૂર પડે છે તે સર્વે એમણે એક પછી એક એમ કરીને કાઢયાં. દરેક ખાતાંમાં વળી પારસીઓની બહુ સારી ભરતી કરતા ગયા. કે જેથી ગામડે ગોઠડેના પારસીઓ બે પૈસા રળતા કમાતા થઇ ગયા. એડનમાં એવણ ગોયા "શાહ સોદાગર" થઇ પડયા. યુરોપથી પણ એવણે એક ડજનથી વધુ જેટલી આડતો મેળવી અને કહેવત છે કે "પૈસો પૈસાને લાવે" તેવી રીતે પોતાના ધંધા ધાપામાંથી કાવસજી શેઠે બહોળી કમાણી કીધી. ખુદ સ્પેઇન અને પોર્ટુગલ જેવાં યુરોપીઅન દેશોના કાન્સલ તરીકે પણ એવણનીજ પેઢી કામ કરે છે. કહે છે કે જ્યારે કાવશજી શેઠ પહેલ વ્હેલા એડન ગયા ત્યારે ત્યાં પોતાના રહેવાશ માટે એક નાનું ઝુંપડુંજ માત્ર તેમણે નાખ્યું હતું પણ પોતાનાં આપબળ, મહેનત, ખંત અને ઉદ્યોગથી તેમણે આ ઝુપડાંને એક મહેલ જેવી ઇમારતમાં ફેરવી નાખ્યું. થોડાંકજ વર્ષોમાં આ ત્રણ રૂપરડીની કમાણીથી નોકરી કરનાર માતબર પારસી સાહસીક નર લખ્ખોની પુંજી મેળવી સેંકડોનું ભલું કરનાર વેપારી શેઠયો શાહ સોદાગર બની ગયો. જેમ જેમ વેપાર વધતો ગયો તેમ તેમ પોતાની પેઢીની શાખાઓ તેવણ ખોલતા ગયા અને પોતાના વેપારના વધુ ફેલાવા માટે જે સગવડો જોઇએ તે અને તેની પાછળ જેબી નાણું ખર્ચાય તે તેમણે ખરચ્યું હતું. એમ કરતાં ૧૮૭૩ નાં સાલમાં તેમણે "સર બાર્ટલ

ફીઅર" નામનું વ્હાણુ મોટી કીમતે ખરીદી લીધું કે જેમાં તેવણુનો માલ આવજા કરે એટલુંજ નહિ પણુ વળી પરદેશો ખાતે જવા આવવા માટે પણુ સગવડ કર્ત્તા થઇ પડે. એથી પણુ આગળ વધીને કાવશજી શેઠે જંગબાર ખાતે પોતાની પેઢીની એક શાખા ખોલી કારણુ કે ત્યાં એવણુના જેવા સાહસની જરૂર જણાઈ અને ત્યાંના સુલતાને એમને એ વિષે સૂચના કીધી હતી. જંગબારની પેઢી પણુ એડનવાળાનાં નામને આજેબી ખુદ આફ્રિકાના કોસ્ટા ઉપર મશહુર બનાવે છે.

કાવશજી શેઠની કોમ સેવા.

આપણી કોમમાં એવો એક બી વેપારી શેઠયો નથી થઇ ગયો કે જેણે પોતે મોટી કમાણી કર્યા બાદ સખાવતની દિશામાં પોતાનો દસ્ત લંબાવ્યો નહિ હોય કારણુ કે તે સોદાગરે પોતાને મળેલાં દ્રવ્યનો વધારે સારો ઉપયોગ કરવાની ખાહેશ હંમેશાં ધરાવી છે. જગતના વેપારમાંથી દ્રવ્ય મેળવવું એ એક ચુસ્ત જરથોસ્તીનો ધર્મ છે પણુ તે મેળવ્યા બાદ તેનો સારે માર્ગે ઉપયોગ કરવો એ તેની એક વધુ ફરજ છે. કાવશજી શેઠ એ રીતે જે દ્રવ્ય પોતે મેળવતા ગયા તે દ્રવ્ય છૂપે હાથે પોતાની કોમ અને પોતાની પ્રજાનાં ભલાં અર્થે વાપરતા ગયા. એક જૈન મુનીએ કહ્યું છે કે જે આપે છે તે લે છે, જે ખાય છે તે ગુમાવે છે. તેમ એવણુ જેમ આપતા ગયા તેમ ખોબે ખોબે ભરતા ગયા અને તેટલું પોતાની ભવિષ્યની જીંદગી બહેતર કરવા પાછળ ભરાતું ગયું. ૧૮૫૪ ના સાલમાં પોતાનાં પહેલાં ધણિયાણિનાં પૂણ્યાર્થે એવણે એડન ખાતેના દરેહમહેરનું મકાન બંધાવી આપ્યું હતું, વળી એડન પોતાના ધંધા ધાપાની ભૂમી હોવાથી તેની

ખીલવણીમાં ભાગ લઇને ૧૮૭૧ માં તેવણે એક લાઇબ્રેરી ત્યાં બંધાવી આપી. જ્યારે ૧૮૭૧ નાં સાલમાં ઇરાન ખાતે ભારે દુકાળ પડયો ત્યારે ત્યાંથી ઘણાંક નીરાધાર અને નાવારેસ કુટુમ્બો હિંદના પારસીઓની પનાહ હેઠળ આવ્યાં; જ્યારે તેમને આશરો આપવા સારૂ નાણાંની મોટી રકમ જોઇતી હતી તો તેમને કાવસજી શેઠે મદદ કરીને તેમને ભૂખે મરતાં બચાવી લીધાં હતાં. એ ઉપરાંત બીજાં અનેક ખાતાંઓમાં કાવસજી શેઠે મોટી મોટી રકમનાં નાણાં ભરી આપ્યાં હતાં. એવણુની કોમ સેવા મુખ્ય કરીને પોતાની ગંજાવર દોલતના ગંજમાંથી થોડો થોડો હિસ્સો જૂદાં જૂદાં ખાતાંઓમાં વ્હેંચી આપી તેમાં જણાય છે. ખુદ એવણુ જ્યારે ગુજર્યા ત્યારે મોટી રકમ પોતાની પુંજીમાંથીજ કોમને જૂદી જૂદી હાજતો પુરી પાડવા સારૂ સ્વાધીન કીધી હતી. એવણે ખાસ કરીને ડીસ્પેન્સરીઓ. લાઇબ્રેરીઓ, દરેહમહેરો, કુવાઓ વિગેરે બંધાવી આપ્યાં છે અને તે જૂદાં જૂદાં ગામડાંઓમાં પણ બંધાવ્યાં છે કે જેથી એવણુનું નામ માત્ર એડનમાં નહિ પણ ખુદ, તવડી, ભેસાણ જેવાં ગામોમાં પણ આજે ઘરઘરૂ થઇ પડયું છે.

કાવસજી શેઠની પરચુરણ જાહેર સેવાઓ.

દૂર દરાઝ ગામડાંમાં ડુંગર ખોદીને સોનું મેળવતો આ પારસી વધુ તે કયા પ્રકારની સેવા બજાવી શકે? તે ઘણું કરીને પૈસાની થેલીનું મોં પ્રજાનાં ચરણે ખોલીને તેવી પ્રજા સેવા બજાવી શકે. કાવસજી પણ તેવીજ રીતે આપણી સનમુખ રજુ થાય છે. પણ વધુમાં પોતાનો વગવસીલો ભારે હોવાથી સરકાર દરબારમાં પોતાની કોમ અને પોતાના દેશનો લાગવગ વધારવામાં એવણે જે ફત્તેહમંદ ભાગ ભજવ્યો છે તેથી આપણે એમને કાંઇક

વધુજ ભોગ આપતા જોઇશું. ૧૮૭૫ માં જ્યારે રાજા એડવર્ડ પ્રીન્સ તરીકે હિંદ આવ્યા ત્યારે તેને પહેલવહેલો આવકાર આપનાર તે આ પારસી કાવશજી શેઠ હતા. ત્યાર બાદ તે જેટલા દિવસ એડન રહ્યો હતો તેટલા સર્વે દિવસ તેની પરોણાગત કરવામાં કાવશજી શેઠે સહેજ પણ કચાશ દેખાડી નહોતી. એક ડાયરીમાંથી નીચલો ઉતારો ટૂંક પણ સંપૂર્ણ અહેવાલ આપણી સમક્ષ રજુ કરશે.

"એડન ૧ લી નવેમ્બરની સહવારના કલાક ૯॥—"સીરાપીસ નામની સરકારી સટીમરે અતરેના બારાંમાં સહવારે કલાક ૬॥ ને અમલે લંગર કીધું હતું, અને તેજ વખતે કીલ્લાપરથી ટોપો ફોડીને મુબારકબાદી આપેઆમાં આવી હતી. નામદાર શાહજાદો ૯॥ કલાકે કીનારે આવયો હતો. અને તે વખતે ફરીને ટોપો ફોડીને માન આપયું હતું, અને તેની એસતેકબાલમાં જેનરલ "શનીડર" અને તેનો દબદબા ભરેલો તમામ રેસાલો તથા લશ્કરી અને દરીઆઇ વડા અમલદારો ગીઆ હતા."

"તે વખતે મી૰ કાવસજી દીનશાએ એદન શેહરના રેહેવા-વાસીઓ અને વેપારીઓની તરફથી એક માનપત્ર વાંચી સંભળાવ્યું હતું; અને તે વખતે ખુશાલીનો મોટો જોશો આસપાસ ફેલાઓ હતો, તથા દરએક બાજુપર અચરતી ઉપજાવા જોગ સંગાર ગોઠવવામાં આવયો હતો. નામદાર શાહજાદો ઘણીજ સરસ સુખકારી ભરેલો છે, અને જે રીતથી તેને મુબારકબાદી અને માન–મોહબત દેખાડવામાં આવી છે, તે ઘણોજ મધન થાએલો દીસે છે."

શેઠ કાવસજીએ વાંચી સંભલાવેલાં માનપત્રનો ઘણોજ ઘટતો અને નમતાઇ ભરેલો જવાબ નામદાર શાહજાદાએ આપયો હતો, અને પછે તે શેઠ કાવસજી દીનશાની ચાર ઘોડાવાલી સુંદર ગાડીમાં તેવણુની સાથે પોતાના બીજા અમલદારો સાથે બેશીને તે નામદાર એડન શેહેરમાંની - જોવા લાયક જગો, ટાંકાંઓ વીગેરે જોવા ગીયો હતો, અને તે બાદ રાતની વખતે તે શેહેરની રોશની જોવાને ફરવા નીકળયો હતો."

આ ઉપરથી પ્રીન્સ કાવશજી શેઠનો એહસાન મંદ રહ્યો અને જ્યારે તે વિલાયત પાછો ફર્યો ત્યારે કાવશજી ઉપર

પોતાના મહેમાનદારીની મધુર યાદમાં પોતે લખેલું પોતાની મુસાફરીનું પુસ્તક અને પોતાની એક સુંદર તસ્વીર ખુદ વિલાયતથી મોકલી હતી.

એજ રીતે જ્યારે ૧૮૮૩ માં ડયુક ઑાવ કોનૉટ હિંદ ખાતે આવ્યો ત્યારે પણ એડન તરફથી આવકાર આપનાર કાવશજી શેઠ જ હતા. પ્રીન્સ એડવર્ડની યાદગારીમાં તેવણે એક દવાખાનું સ્થાપ્યું હતું અને તેવીજ રીતે ડયુક ઑાવ કોનૉટની પધરામણી વખતે પણ સારી સખાવતો કીધી હતી. કેળવણીના પણ પોતે એક આગેવાન હિતાર્થી હતા અને જ્યાં બાળકોની શાળા માટે ટીપ ભરવાની આવે ત્યાં સૌથી મોટો આંકડો ભરી આપતા. જંગબાર ખાતે એવી રીતે જ્યારે હિંદીવાન બાળકો માટે એક નિશાળ ખોલવામાં આવી હતી ત્યારે તેને મોટો ટેકો કાવશજી શેઠનોજ હતો.

"દીનશાહ પાનટુન"

૧૮૯૩ નાં વર્ષમાં કાવશજી એ પહેલ વ્હેલી તરતી ગોદી વિલાયતથી તૈયાર કરાવી મંગાવી. એડન એક બારૂં હોવાથી તેમજ તેનો લગભગ સઘળો વેપાર વણજ એવણનાજ હાથમાં હોવાથી એવણને વ્હાણ કે સ્ટીમર સાથે ઝાઝો સંબંધ વ્હેવાર રાખવો પડતો હતો. તે મુંજબ ૧૮૯૩ માં એવણે ઉપલી ગોદી વિલાયતથી મંગાવી અને જયારે ત્યાંનો રેસીડન્ટ તેને ખોલ્લી મેલવા આવ્યો ત્યારે તેને કાવશજી શેઠના મુરબ્બીજી દીનશાહજીનું નામ આપવામાં આવ્યું અને તે ડકકાને આજ સુધી "દીનશાહ પાનટુંન" કરીને કહેવામાં આવ્યું છે.

સી. આઇ. ઇ. નો એલ્કાબ

એમની અનેક સખાવતો તેમજ એમના બહોળા ચીકતા વેપાર વણજને લીધે ફેલાઇ ગયલી અસરોના બદલામાં નામદાર સરકારે એમને ૧૮૯૪ માં સી. આઇ. ઇ. નો માનવંત એલ્કાબ આપ્યો. આ એલ્કાબ આપવાની ક્રિયા જે રેસીડન્ટ

કર્નલજ્‌ૉપ "દીનશાહ પાનટુંન" ખુલ્લી મેલવાની ક્રિયા કરી ગયો હતો તેણેજ કરી હતી. ૧૮૯૫ નું સાલ ઉઘડતાંની સાથે કાવસજીએ કેટલીક વધુ સખાવતો કીધી હતી. તે વર્ષમાં એવણુની જ્યુબીલી ઉજ્જવવામાં આવી હતી. તેવર્ષના ૧૨ મી એપ્રીલના દિવસે જ્યુબલી ડે પુર ધામધુમથી પાળવામાં આવ્યો હતો. અને પોતાનાં ધણિયાણિ બાઇ જરબાઇનાં નામનું એવણે તે સાલમાં રૂપિયા અડધા લાખને ખર્ચે તવડી ગામમાં ધર્મનું દવાખાનું બંધાવ્યું હતું. તેજ સાલમાં 'સેન્ટ જેમ્સીઝ ગેઝેટ' નામનાં વિલાયતનાં એક નામીચાં પત્રમાં એવણુની કારકીર્દીનો અહેવાલ તેમજ એવણુનો મુબારક ફોટો આપવામાં આવ્યો હતો જે એક હિંદીવાન માટે નાનું માન તે વખતે ગણાતું ન હોતું.

જ્યારે ૧૮૯૭ માં કાવસજીનાં બીજાં ધણિયાણિ જરબાઇ બહેસ્તનશીન થયાં ત્યારે તેમની યાદમાં પોતે વધુમાં બીજો અડધો લાખ સખાવતમાં આપ્યો હતો, તેમજ બીજાં જૂદાં જૂદાં ખાતાંઓમાં કેટલુંક નાણું વ્હેંચી આપ્યું હતું.

કાવસજી શેઠનું મરણ—દસ્તુર કેખશરૂ જામાસ્પ આશાનાએ કરેલી તારીફ.

૨૩ મી જ્યુન ૧૯૦૦ ને દિને કાવસજી શેઠ પોતાના રહેવાના બંગલામાં ગુર્જર પામ્યા હતા જે વખતે એવણુની યાદમાં ઉઠમણાંને દિવસે કોમના વડા ધર્મગુરૂ દસ્તુર કેખશરૂ જામાસ્પ આશાનાએ એવણુની તારીફમાં કરેલું ભાષણુ જો સદાબરૂં નીચે આપીશું તો એવણુની કારકીર્દી બાબે ખુદ કોમના વડાઓ અને મોટા આગેવાનો શું માનતા

હતા તે બાએ આપણુને પૂરો ખ્યાલ મળી શકશે. તેવણે મીજલસ સનમુખ બોલતાં જણાવ્યું હતું કેઃ–

આજની ગંભીર મીજલસમાં મારે માથે જે ફરજ આવી પડી છે તે અદા કરવાને તમો મીજલસીઓ મને મદદ આપશો. મારી ખાતરી છે કે હું જે દરખાસ્ત તમો હજુર મેલીશ તેને ટેકો આપવાને તમે સાહેબો વાજવી ધારશો. હું બેહેસતી શેઠ કાવસજીનું ધરમી નામ આપણી જાહેર ધરમની ક્રીયાઓમાં જાળવી રાખવાની આ મીજલસમાં મારા અથોરનાન સાહેબોને ભલામણ કરૂં છું. જાહેર મીજલસોમાં એવા ધરમીઓનાં પવીત્ર નામની યાદ કરવી તે ઉધરતી જરથોસ્તી ઓલાદના મન ઉપર નેકીનો ઉમદા છાપ મારવા બરાબર છે. 'મરહુમ શેઠ કાવસજીની સખાવત એટલી તો જાહેર અને જાણીતી છે કે, તે ઉપર બોલીને તમારો કીમતી વખત રોકવા માંગતો નથી. એવણ સાહેબે ઘણે દુરદરાજ સુધી દરેહમેહેર બાંધીને ગોયા જરથોસ્તી ધરમનો નુરમંદ ઝુંડો ઉડતો કરયો છે. આતશ કદેહો તે જરથોસતી ધરમની એક નુરમંદ, પ્રકાસીત નીશાન છે. એ નીશાનીઓ તે જાણે ખોદાની સાથની મોહોબતનો સંબંધ જોડનારો એક પવીત્ર ગાંઠ છે. એટલા માટે પઇસો–વગ–સતા અને ઉંચી મનશકતી પોતાની કોમનાં હીત તથા ધરમના ફાયદા અરથે જે કોઇ વાપરી જાય તેના બદલામાં કોમે તેનું અહેશાન જાહેર કરવાનો એક ઉપાય એ છે કે તેમનું પ્રતાપી નામ આપણી ધરમ ક્રીયામાં દાખલ કરવું. એ ધોરણે મરહુમ શેઠે કોમની ધરમસંબંધી હાજતો બર લાવી કોમને માથે જે હેશાન કરયું છે, તેના બદલામાં આપણી ફરજ છે કે મરહુમ શેઠનું નામ ધરમ સંબંધી ક્રીયા ભણુતરમાંજ સાચવી રાખવું. પણ એ ઉપરાંત ગરીબ અને હાજતમંદ, ભાઇબંધોની કદરસનાસીમાં પણ મરહુમ શેઠ ઘણી છુપી સખાવતો

કરતા હતા, અને સખાવતને માટે પવીત્ર અવસતાવાણી કહે છે કે, "કહમાઇચીત હાતામ, જીજીશામ, વહીસતામ, આદાઉઓઇબયા, અહુબયા" જેનો ગુજરાતી અરથ એ થાય કે હઇયાતી ભોગવનારાઓમાંનો કોઇ શખસ બેઉ દુનીયામાં સઉથી ઉતમ જીંદગી ગુજારવાને ચહાતો હોય તો, તેણે સખી થવું. હવે સાહેબો, જે કોઇ ઉતમ જીંદગી ભોગવી ગયો હોય તેની નકલ કરવાને, અને તેની યાદદાસત આપણા મનપર તાજી રાખવાને તેમનું નામ ધરમ ક્રીયામાં દાખલ કરવું. એ સઉથી સરસ ઉપાય છે. પ્રોફેસર જેકસન જે મોટો વીદવાન અને આપણા ધરમનો એક ઉસતાદ જેવો છે અને જેણે જરથોસતી ધરમ સંબંધી ઘણું કીધું છે તે કહે છે કે, પારસીઓ પોતાની પાદશાહી સખાવતથી બીજી કોઇ પણ કોમ ઉપર સરસાઇ ભોગવે છે તે માત્ર તેમના ધરમની ખુબીને લીધે છે. આ સઘળો આધાર હું મારી દરખાસ્તના ટેકામાં લઇને બેસવાની રજા લઉં છું."

મરહુમનાં મરણ બાદ દરેક ઠેકાણે કે જ્યાં પોતાની સખાવતના જુસ્સાના જોરથી પોતાની કીર્તિ તેઓ મૂકી ગયા હતા તે સર્વ ઠેકાણે તેમનાં નામથી ઉઠમણાંની ક્રિયા થઇ હતી અને તે સર્વ ઠેકાણે મોટી રકમમાં નાણું ભરાયું હતું જે સર્વ સખાવતમાં ગયું હતું. દરેક પારસી ઠેકાણાંઓની અન્જુમને દીલાસા પત્રો મોકલ્યા હતા તેમજ સભાઓ ભરીને દીલસોજીના ઠરાવો પસાર કર્યા હતા. એ સર્વમાં એડન કે જે મર્હુમની બનાવેલી એક નગરી થઇ પડી હતી, જેમાંથી તેઓએ પોતાનું સર્વસ્વ પેદા કીધું હતું તેમજ જેમાં તેની ખીલવણીને સારૂં તેઓએ સર્વ રેડયું હતું તેની અન્જુમને કરેલો વિલાપ નોંધદાયક થઇ પડશે. લંડનનાં "આફ્રીક" પત્રે તે બાબેની નોંધ નીચલા વખાણવા જોગ શબ્દોમાં લીધી હતી.

"Mr. Cowasjee Dinshaw, C. I. E., who died of cholera at Bombay on June 23, was a leading resident at Aden for the past half-century, and the news of his death will be received with much regret by the large number of friends which he possessed in this country, to which he had been a constant visitor. Scarcely any one who has had occasion to visit Aden in an offcial or business capacity for years past will fail to have come in contact with Mr. Cowasjee Dinshaw; his hospitality was unstinted. Whoever obtained his advice and assistance locally received the benefit of an experienced judgment and a life-long knowlege of Aden and the surrounding countries. Mr. Cowasjec Dinshaw was on all special occasions the chosen leader of the native community at Aden. In this capacity he presented the loyal address from the Settlement to H. R. H. the Prince of Wales when he landed at Aden on his way to India in 1875, and it fell to him to similarly welcome successive Viceroys of India. He received a well-merited honour in the bestowal of the Companionship of the

Order of the Indian Empire upon him in 1894. Mr. Cowasjee Dinshaw was held in high esteem among Parsees, and was distinguished as a most generous supporter of deserving charities. The death of his wife three years ago affected him deeply, and he had been in failing health ever since. He had been obliged of recent years to give up continued residence at Aden. He spent last winter in Europe, only returning to India in March last, and he died at Bombay on Saturday, 23rd inst, from cholera.

ખુદ લંડનનાં "ધી ટાઇમ્સ" જેવાં બળવાન પત્રે નીચે મુજબ જણાવ્યું હતું.

Mr. Cowasjee Dinshaw, C. I. E. who died of cholera at Bombay on the 23rd June, was a leading resident at Aden for the past half-century, and the news of his death will be received with sincere regret by the large number of friends he possessed in this country, to which he had been of recent years a constant visitor. Mr. Dinshaw was on all special occasions the chosen leader of the native community at Aden. In this capacity he presented

a loyal address from the settlement the Prince of Wales when he landed Aden on his way to India in 1875, a it fell to him similarly to welcome su sive Viceroys of India and otl occupying high positions under Government of the Queen-Empress 1894 he received a well-merited honour in the Companionship of the Order of the Indian Empire. Mr. Dinshaw was held in high esteem among Parsees, and was distinguished by the exercise of a wide personal charity. Among other philanthropic works started by him may be mentioned the building and endowment of a free dispensary at Aden and the Cowasjee Dinshaw Free Library and Reading Room at Bombay. The death of his wife three years ago affected him deeply, and he had been in failing health ever since. He had been obliged in recent years to give up continued residence at Aden, and he spent last winter in Europe returning only in March last to India.